CCNO.

## Order below Exh...1

**આરોપીનું નામઃ–**

(૧) સદરહુ કેસ આજરોજ **તારીખ– ૨૬/૦૬/૨૦૨૨ ના રોજની નેશનલ લોક અદાલતના દિવસે સ્પેશયલ સીટિંગ ઓફ મેજિસ્ટ્રેટના દિવસે** આ અદાલત દ્વારા હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) **સદરહુ કેસનું રેકર્ડ ધ્યાને લેતા** તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે આરોપી વિરુદ્ધ **એમ.વી.એક્ટની કલમ–૧૮૫** મુજબના ગુના સબબનું ચાર્જશીટ દાખલ કરેલ છે અને સદરહુ ચાર્જશીટ રજૂ થતા આ અદાલત દ્વારા **ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપી વિરુદ્ધ કોગ્નાઈઝન્સ લઈ આરોપી વિરુદ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કેલ છે.**

(૩) **હવે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪ ધ્યાને લેતા** તેમાં ભારતીય દંડ સંહિતા અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે અને કલમ–૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ કાર્યવાહી અનુસરવાની રહે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

**હવે, મોટર વ્હીકલ અધિનિયમ ધ્યાને લેતા** તેમાં ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અન્ય કાર્યવાહી બાબતે કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪(૨) મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

**હવે, સદરહુ આરોપી સામેના સદરહુ ગુનાનો આરોપ ધ્યાને લેતા** તેમાં પ્રથમ ગુના માટે છ માસ સુધીની સજાની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને અને બીજા અને ત્યાર પછીના ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. **આમ, સદરહુ ગુનો સમન્સ ટ્રાયેબલ પ્રકારનો છે.**

**હવે, મોટર વ્હીકલ એક્ટ ધ્યાને લેતા** તેમાં સદરહુ મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫નો ગુનો કોગ્નાઈઝેબલ છે કે નોન કોગ્નાઈઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં

આવેલ નથી તેવું આ અદાલતનું માનવું છે. મોટર વ્હીલક એક્ટમાં સદરહુ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોવાથી ગુનો કોગ્નાઈઝેબલ છે કે નોન કોગ્નાઈઝેબલ છે તે નક્કી કરવા માટે ઉપર આગળ જણાવ્યા મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડના શેડ્યુઅલ–૨ના ભાગ–૨, ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે અને તે ધ્યાને લેતા જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદ્દતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન – કોગ્નાઈઝેબલ ગુનો ગણાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે અને **<u>તેથી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫નો ગુનો નોન કોગ્નાઈઝેબલ ગુનો ગણાય તેવું આ અદાલતનું માનસહ માનવું છે.</u>**

**હવે, મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ ધ્યાને લેતા** તેમાં પોલીસ ઓફિસરને વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે. હવે, એ નક્કી કરવાનું રહે કે, મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨માં પોલીસ ઓફિસરને વગર વોરંટ ધરપકડ કરવાની આપવામાં આવેલ સત્તાના કારણે શું મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫નો ગુનો કોગ્નાઈઝેબલ બની જાય છે?. **હવે, આ તબક્કે, મેહબુબ કોયા મોઈદ્દીન વિરુદ્ધ રાજ્ય, નામદાર કેરાલા હાઈકોર્ટ, ક્રિમીનલ એમ.સી. નંબર–૭૦૨/૨૦૧૧ નો ચુકાદો ધ્યાને લેતા તેમાં નામદાર હાઈકોર્ટ પેરા–૧૧માં અવલોકન કરેલ છે કે,** The above discussion leads me to the conclustion that, **<u>cognizance taken by the learned Magistrate of offence punishable U/s 184 and 185 of the Code on a chargsheet submitted by the police officer after an investigation is violation of Section 155(2) of the Code is illegal</u>** and for reason I have stated that, the said chargsheet can not also be a complaint as defined under Section 2(d) of the code. Cognizance taken being illegal is liable to be quashed. **વધુમાં, પેરા–૧૨માં અવલોકન કરેલ છે કે,** <u>But that can not be the end of the matter so far as the case is concerned. Learned Magistrate has to return the chargesheet and connected records.</u> The police officer, as idicated in para-10 above may subject to the relevant leave seek permission of the learned Magistrate Under Section-155(2) of the Code and on receiving such permission register a case, conduct investigation under Sub Sectioon (3) OF 155 and submitt a final report as provided under Section-173(2) of the Code or if he is so advised, file a complanit on his own provided under Section 190(1)(a) and 200 of the Code in which case it is within the power of the Magistrate ot order an investigation and call for the report under Section 202 of the Code. This would subject to the

provision of the law of limitation etc. નામદાર કેરાલા હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ સદરહુ અવલોકન તથા સમગ્ર ચુકાદો ધ્યાને લેતા મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે સત્તાના કારણે મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫નો ગુનો કોગ્નાઈઝેબલ બની જતો નથી તથા સદરહુ ગુનો નોન કોગ્નાઈઝેબલ હોવાથી પોલીસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) અન્વયેની પરવાનગી મેળવ્યા વિના તપાસ કરી માત્ર સદરહુ ગુના સબબનું ચાર્જશીટ કરી શકે નહીં અને તેમ છતાં તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ કરેલ હોય અને તેના આધારે મેજિસ્ટ્રેટ દ્વારા કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ હોય તો તે ગેરકાયદેસરનું છે તેવું અવલોકન કરેલ છે.

**હાથ ઉપરના કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩(૨) અન્વયે કરવામાં આવેલ ચાર્જશીટ ધ્યાને લેતા** તપાસ કરનાર અમલદારે મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫નો ગુનો નોન કોગ્નાઈઝેબલ હોવા છતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) કોઈ પરવાનગી મેળવેલ નથી અને તેથી તપાસ કરનાર અમલદારે સદરહુ આદેશાત્મક જોગવાઈનું પાલન કરેલ નથી તેવું આ અદાલતનું માનવું છે અને તેના કારણે ઉક્ત જણાવેલ કેરાલા હાઈકોર્ટના ચુકાદામાં જણાવ્યા મુજબ કોગ્નાઈઝન્સ લઈ શકાય નહીં કારણ કે, જો કોગ્નાઈઝન્સ લેવામાં આવે તો તે ગેરકાયદેસરનું કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ છે તેવું બને છે.

(૪) **આમ, ઉક્ત હકીકતો ધ્યાને લેતા તપાસ કરનાર અમલદારે ઉક્ત જણાવેલ આદેશાત્મક જોગવાઈનું પાલન કરેલ ન હોવાથી આરોપી વિરુદ્ધ સદરહુ ગુના સબબ કોગ્નાઈઝન્સ લઈ શકે નહીં તેનું આ અદાલતનું માનસહ માનવું છે, પરંતુ ઉપર આગળ જણાવ્યા મુજબ હાથ ઉપરના કેસમાં કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ છે.**

**હવે, આ અદાલતનું માનવું છે કે,** આરપી વિરુદ્ધ જે પ્રોસેસ ઈસ્યુ થયેલ છે તે ઉક્ત જણાવેલ નામદાર કેરાલા હાઈકોર્ટના **મેહબુબ કોયા મોઈદ્દીન વિરુદ્ધ રાજ્ય (સુપ્રા)** ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન મુજબ હાલના કેસમાં લેવામાં આવેલ કોગ્નાઈઝન્સ ગેરકાયદેસરનું છે તેથી જો પ્રોસેસની બજવણી થતા આરોપી આ અદાલતમાં હાજર થાય અને ગુનો કબૂલ ન રાખે તો કેસમાં નોંધવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરી સદરહુ આદેશાત્મક જોગવાઈના ભંગનો લાભ આરોપીને આખરી જજમેન્ટમાં પણ આપવો પડે તેવું આ અદાલતનું માનવું છે. આ ઉપરાંત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) ની આદેશાત્મક જોગવાઈનો ભંગ કરી લેવામાં આવેલ કોગ્નાઈઝન્સથી કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૬૧ ધ્યાને લેતા દુષિત બને છે તેવું આ અદાલતનું માનવું છે. આ ઉપરાંત નામદાર કેરાલા હાઈકોર્ટનો મેહબુબ કોયા મોઈદ્દીન વિરુદ્ધ રાજ્ય (સુપ્રા)ના ચુકાદો ધ્યાને લેતા

આ અદાલતનું માનવું છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) અન્વયેની ઈન્ફર્મિટી ચાર્જશીટ બાદ સુધારી શકાય તેમ નથી પરંતુ મેજિસ્ટ્રેટ સદરહુ પૂર્તતા કરવા માટે ચાર્જશીટ તથા તેની સાથેના કાગળો પરત કરી શકે તેમ છે તેવું અવલોકન કરેલ છે. આમ, સદરહુ કેસમાં રહેલ સદરહુ ઈન્ફર્મિટી સુધારી શકાય નહીં તેવી ઈન્ફર્મિટી છે તેવુ આ અદાલતનું માનવું છે.

**હવે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ ધ્યાને લેતા** મેજિસ્ટ્રેટ કાર્યવાહીના કોઈ પણ તબક્કે જજમેન્ટ જાહેર કર્યા સિવાય કારણો આપીને કેસની કાર્યવાહી સ્થગિત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. **હાથ ઉપરના કેસમાં ઉક્ત જણાવેલ ઈન્ફર્મિટી ધ્યાને લેતા** તે સુધારી શકાય તે પ્રકારની નથી અને તેમ છતાં પ્રોસેસની બજવણી થતાં જો આરોપી હાજર થાય અને આરોપીની પ્લી નોંધતા આરોપી ગુનો કબૂલ ન રાખે અને ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવે તો પણ ઉક્ત જણાવેલ આદેશાત્મક જોગવાઈઓના ભંગ બદલ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેવું આ અદાલતનું માનસહ માનવું છે. વધુમાં આ અદાલતનું માનવું છે કે, નામદાર કેરાલા હાઈકોર્ટના **મેહબુબ કોયા મોઈદ્દીન વિરુદ્ધ રાજ્ય (સુપ્રા)** ચુકાદાના પેરા–૧૨માં કરવામાં આવેલ અવલોકન મુજબ પોલીસ ઓફિસર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) અન્વયેની પરવાનગી મેળવી ફરિયાદ/કેસ રજીસ્ટર કરી શકે તેમ છે અને તેથી સદરહુ ફરિયાદ આગળ ચલાવી અને છેલ્લે આદેશાત્મક જોગવાઈના ભંગનો લાભ આપી કેસ કેંસલ કરવો તે કોર્ટ, આરોપી તથા ફરિયાદપક્ષનો કીમતી સમય બગાડવા સમાન ગણાશે તેવુ આ અદાલતનું માનસહ માનવું છે. આમ, સદરહુ હકીકતો ધ્યાને લેતા હાલના કેસમાં આરોપી સામેના સદરહુ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવી ન્યાયોચિત માની નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: આખરી હુકમ::–**

**(૧)** **આરોપી** સામેના સદરહુ કેસમાં **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨)ની આદેશાત્મક જોગવાઈનો બાધ નડતો** હોવાથી સદરહુ કેસની કાર્યવાહી **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮** અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને હાલનો કેસ ફાઈલે કરવામાં આવેલ છે.

**(૨)** **વધુમાં, હુકમ કરવામાં આવે છે કે,** નામદાર કેરાલા હાઈકોર્ટના **મેહબુબ કોયા મોઈદ્દીન વિરુદ્ધ રાજ્ય (સુપ્રા)** ચુકાદાના પેરા–૧૨માં કરવામાં આવેલ અવલોકન મુજબ પોલીસ ઓફિસર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) અન્વયેની પરવાનગી મેળવી ફરિયાદ/કેસ રજીસ્ટર કરી શકશે.

(૩) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવુ અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો

(૪) પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ ઈલેક્ટ્રોનીક સાધનો/મોબાઈલ ફોન/ વાહન તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાન હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્દામાલની જાહેર હરાજી કરી તેના ઉપજોલ નાણા સરકારશ્રીમાં જમા કરાવવા.

(૫) મુદ્દામાલ તરીકે જો સોનાના દાગીના હોય અથવા તો સોનાની ધાતુ હોય તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

(૬) આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલ તથા હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

**સદરહુ હુકમની જાણ વિ.એ.પી.પી.શ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને યાદીથી કરવી.**

સદરહુ હુકમ આજરોજ **તારીખ–૨૬/૦૬/૨૦૨૨** ના રોજ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ સુરત.**
**તા.૨૬/૦૬/૨૦૨૨**

**(હરીશ હસમુખભાઈ વર્મા )**
**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત.**
**(GJ 00821)**